મદદનીશ ખેતી નિયામક(વિસ્તરણ),પેટા વિભાગ કચેરી,અંકલેશ્વર (જિ.ભરૂચ)ના નવા મકાનના બાંધકામ અંગેની યોજનાને વર્ષ ૨૦૨૦-૨૧માં ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર
કૃષિ,ખે.ક. અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક: તલમ/૧૦૨૦૧૯/૩૮૭૦/ક.૭
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨/૦૬/૨૦૨૦

વંચાણે લીધા:

૧. કૃષિ,ખે.ક. અને સહકાર વિભાગના ઠરાવ ક્ર.તલમ-૧૦૨૦૧૮-૪૧૩૭-ક.૭, તા: ૦૧-૦૫-૨૦૧૯

૨. ખેતી નિયામકશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગરના તા.૧૬/૩/૨૦૨૦ના પત્ર ક્રમાંક: વિતામુ/ટે-૧૪/ ૧૫૬૦૮-૦૯/૨૦૨૦

આમુખ:

રાજ્યના ખેડૂતોને કૃષિ વિષયક અધતન માહિતી મળતી રહે તેમજ રાજ્યની યોજનાઓના અમલીકરણની કામગીરી માટે રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યમાં પેટા વિભાગની સ્થાપના કરવામાં આવેલ છે. "મદદનીશ ખેતી નિયામક(વિસ્તરણ),પેટા વિભાગ કચેરી,અંકલેશ્વર(જિ.ભરૂચ)ના નવા મકાનના બાંધકામ કરવા" અંગેની યોજનાને રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઇ સાથે વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના ઠરાવથી વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ચાલુ બાબત તરીકે વહીવટી મંજુરી આપેલ છે. ૨૦૨૦-૨૧ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ આ યોજનાને વહીવટી મંજુરી આપવા માટે ખેતી નિયામકશ્રીના વંચાણે લીધેલ ક્રમાંક-૨ સામેના પત્રથી મળેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

"મદદનીશ ખેતી નિયામક(વિસ્તરણ),પેટા વિભાગ કચેરી,અંકલેશ્વર(જિ.ભરૂચ)ના નવા મકાન ના બાંધકામ બાબત" અંગેની યોજનાને વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ.૨૫.૦૦ લાખની બજેટ જોગવાઇ સાથે ચાલુ રાખવા નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:

1 આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧ ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

2 જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

3 આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

4 યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

5 આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે

6 આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ. માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ તથા વખતોવખત ની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

7 નાણા વિભાગના તા.૨૦-૧૨-૨૦૦૬ના પરીપત્ર મુજબ બાંધકામના નક્શા/અંદાજોને નાણા વિભાગ/ખર્ચ પ્રભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે. અને મંજુર થયેલ નક્શા/અંદાજોની રકમ કરતાં વધુ રકમનો ખર્ચ કરી શકાશે નહિ.

8 વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

9 યોજના હેઠળ નકશા-અંદાજોની વહીવટી મંજૂરી વખતે બાંધકામ અંગે નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

10 સદરહુ કચેરીઓના બાંધકામનો પ્રગતિ અહેવાલ અત્રે મોકલી આપવાનો રહેશે.

11 આ યોજના હેઠળ હંગામી જગ્યાઓ ચાલુ રાખવાની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી દરખાસ્ત રજુ કરવાની રહેશે.

આ યોજનાનું ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનું રહેશે અને સને ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં કરેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

માંગણી નંબર: ૮૪

મુખ્ય સદર: ૪૪૦૧ પાક કૃષિ વ્યવસ્થા અંગે મૂડી ખર્ચ

ગૌણ સદર: ૮૦૦ અન્ય ખર્ચ

પેટા સદર: ૪૨COP-COP-૩૧

હેતુ સદર: ૫૩૦૦ મોટા કામો

(મદદનીશ ખેતી નિયામક(વિસ્તરણ),પેટા વિભાગ કચેરી,અંકલેશ્વર (જિ.ભરૂચ)ના નવા મકાનના બાંધકામ બાબત)

**COVID-19ના કારણે ઉદભવેલ પરિસ્થિતિ લક્ષ્યમાં લઇ તમામ યોજનાઓમાં લોકપયોગી/ લાભાર્થીલક્ષી સહાય માટે અને તે અંગેના મહેકમ માટે તથા અન્ય કચેરી ખર્ચ માટેના જ ખર્ચને અગ્રતા આપવાની રહેશે. જ્યારે સાધન સરંજામની ખરીદી કે અન્ય કોઇ નોન/રીકરીંગ ખર્ચ બાબતે ના.વિ.ના તા: ૦૬/૦૬/૨૦૨૦ ના ઠરાવમાં નિર્દિષ્ટ કરકસરની સૂચનાઓનો ચૂસ્ત પણે અમલ કરવાનો રહેશે. તે બાબતની વિભાગ કક્ષાએ તેમજ ખાતાના વડાની કક્ષાએથી કાળજી રાખી તે અંગેની સુચનાઓ તેમના તાબાની કચેરીઓને ગ્રાન્ટ ફાળવણીની સાથે જ આપવાની રહેશે.**

આ હુકમો નાણા સલાહકારશ્રી(કૃષિ)ની તા.૦૯/૦૬/૨૦૨૦ની તથા અધિક મુખ્યસચિવશ્રી (કૃષિ)ની તા.૨૦/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીગ્નેશ બારોટ)
સેક્શન અધિકારી
કૃષિ,ખે.ક. અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિ ભવન, ગાંધીનગર તરફ સર્વે સંબંધિત અધિકારીશ્રીઓને મોકલી આપવાની વિનંતીસહ.

(૨) નાયબ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) એકાઉંટંટ જનરલ (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, ગાંધીનગર

(૪) પગાર અને હિસાબ અધિકારીશ્રી, ગાંધીનગર

(૫) મુકામ ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ

(૬) નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ,પેટા વિભાગ અંકલેશ્વર (જિ.ભરૂચ).

(૭) સિલેક્ટ ફાઇલ